# Talk to your baby in your own language

**The best way to help your child learn to talk is to talk to him as much as possible in your own language - it doesn't have to be English. That way, your child will learn to talk confidently, and will be ready to learn English when he starts at nursery or school.**

- Talk to your baby in your own language about what you're doing together – when you're bathing or feeding your baby, or changing her nappy.
- Have fun with rhymes, poems and songs in your own language.
- Tell your child stories in your language. Encourage him to join in with the storytelling.
- Try to find books written in your language for your child, or try making your own.
- Encourage your child to play with children who speak the same language as she does.
- Talk to your child about what he did at playgroup or nursery in your language. If he uses English words repeat what he has said using your language. But do not correct him or make him use your language.
- Help your child feel proud of your language. If she speaks more than one language, teach her the names of the languages.
- Don't laugh or tease your child because of his accent or if he makes mistakes.

# તમારી પોતાની ભાષામાં તમારા બાળક સાથે વાત કરો

**તમારા બાળકને વાત કરતાં શીખવવાની સૌથી સારી પધ્ધતિ એ છે કે શક્ય હોય ત્યાં સુધી તમે તેની સાથે તમારી પોતાની ભાષામાં જ વાત કરો - એ ઈંગ્લિશ હોવી જરૂરી નથી. એવી રીતે તમારું બાળક આત્મવિશ્વાસ સાથે વાત કરતાં શીખશે અને જ્યારે તે નર્સરી અથવા સ્કૂલમાં ભણવાનું શરૂ કરશે ત્યારે તે ઈંગ્લિશ શીખવા માટે તૈયાર હશે.**

- તમે તેની સાથે જે પ્રવૃત્તિ કરતાં હો - જેમ કે જ્યારે તમે તેને નવડાવતાં હો અથવા દૂધ પીવડાવતાં હો અથવા તેનાં નેપીઝ બદલાવતાં હો - તેનાં વિશે તમે તમારી પોતાની ભાષામાં તેની સાથે વાત કરો.
- તમારી પોતાની ભાષામાં જોડકણાંઓ (રાઈમ્સ), કવિતાઓ અને ગીતો ગાઈને તેની સાથે આનંદ માણો.
- તમારી ભાષામાં તેને વાર્તાઓ કહો. તેને પણ વાર્તા કહેવા માટે પ્રોત્સાહિત કરો.
- તમારા બાળક માટે તમારી ભાષામાં લખાયેલાં પુસ્તકો શોધવાનો પ્રયત્ન કરશો અથવા તમારી પોતાની રીતે વાર્તાઓ બનાવશો.
- તમારા બાળકની ભાષા બોલતાં હોય તેવાં બાળકોની સાથે રમવા માટે તેને પ્રોત્સાહિત કરો.
- તમારા બાળકે પ્લે ગ્રૂપમાં અથવા નર્સરીમાં શું પ્રવૃત્તિ કરી તે વિશે તેની સાથે તમારી ભાષામાં વાત કરો. જો તે ઈંગ્લિશ શબ્દો બોલે તો તમે તમારી ભાષામાં તે શું બોલે છે તેનું પુનરાવર્તન કરો પણ તેની ભૂલો બતાવીને તેને તમારી ભાષાનો ઉપયોગ કરવાની ફરજ પાડશો નહીં.
- તમારું બાળક તમારી ભાષા માટે ગૌરવ અનુભવે તેવો પ્રયત્ન કરશો. જો તેણી એકથી વધુ ભાષા બોલે તો તેને આ બધી ભાષાઓનાં નામ શીખવો.
- બાળકની બોલવાની પધ્ધતિ પર અથવા તેની ભૂલો પર ક્યારેય હસતાં નહીં. અથવા તેને ચીડવતાં નહીં.



© Posy Simmonds

National Literacy Trust

Talk To Your Baby

**Quick tips may be photocopied. For more information visit www.talktoyourbaby.org.uk**
**Talk To Your Baby is an initiative of the National Literacy Trust.**
Reference: *Bilingual Children: a guide for parents and carers* (1994), Foufou Savitzky, South Bank University: London